* H A J - 0 0 1 - 0 0 1 6 2 8 *

**HAJ-001-001628** Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) Examination

**June / July - 2017**

## Gujarati : Paper - 22

## (Gujarati Vyakaran, Sarjan - Lekhan Kaushal-6) (Optional)

**Faculty Code : 001**
**Subject Code : 001628**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) પ્રશ્ન નંબર ૧ થી ૫ વર્ણનાત્મક છે, તેના કુલ ગુણ ૭૦ છે.
(૨) પ્રત્યેક પ્રશ્નના જવાબ મુખ્ય ઉત્તરવહીમાં આપવાના છે.

૧ નીચેનામાંથી કોઈ પણ એક કાવ્યનો આસ્વાદ કરાવો. ૧૪

**સૂના ઘરમાં**

સૂના ઘરમાં ખાલી ખાલી માઢ મેડિયુ ફરશે,
તમે જશોને ઉંબર પર ઘર ઢગલો થઈને પડશે.
પછી પછીતે હોંકારાનો સૂરજ ઊગશે નહિ,
અને ઓસરીમાં કલરવનાં પારેવાં ઊડશે નહિ.
તરફડતું એકાંત હશે ને ભણકારા ભાંભરશે- તમે જશો૦
પીઢ ચટ્ટા પાનેતર જેવું પછી કોઈ નહિ મલકે,
પગલે પગલે આોકળીઓના મોર પછી નહિ ટહુકે,
સમી સાંજના ધ્રુસકે ધ્રુસકે તુલસી ક્યારો રડશે- તમે જશો૦
ખળી, ઝાંપલી, વાડ, કૂવો, પગદંડી ખેતર - શેઢાં,
બધાં તમારા સ્પર્શ વગરના પડી રહેશે રેઢાં.
તમે હતાં - નું ઝાકળ પહેરી પડછાયાઓ ફરશે- તમે જશો૦

**- નયન દેસાઈ**

**અથવા**

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ પર મળે ન મળે.
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા, આ મીઠી નજર મળે ન મળે.

ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, ગલીઓ, આ ઘર મળે ન મળે.
રડી લો આજ સંબંધીને વીંટળાઈ અહીં,
પછી કોઈ ને કોઈની કબર મળે ન મળે.
વળાવા આવ્યા છે એ ચહેરાઓ ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.
વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ'
અરે ! આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

**- આદિલ મન્સુરી**

૨ મધ્યકાલીન સાહિત્યના સંશોધકની સજ્જતા વિશે સવિસ્તર નોંધ લખો. ૧૪

**અથવા**

૨ મધ્યકાલીન સાહિત્યના સંશોધન - સંપાદનની મુખ્ય - મુખ્ય સમસ્યાઓની ચર્ચા કરો. ૧૪

૩ વ્યંજન સંધિ એટલે શું? તે સ્પષ્ટ કરી તેમના નિયમો સદષ્ટાંત સમજાવો. ૧૪

**અથવા**

૩ વિસર્ગસંધિનો અર્થ આપી, વિસર્ગસંધિના નિયમો સોદાહરણ સમજાવો. ૧૪

૪ તમે ભૂકંપગ્રસ્ત વિસ્તારની લીધેલી મુલાકાતના પ્રસંગ ઉપર સર્જનાત્મક અહેવાલ લેખન કરો. ૧૪

**અથવા**

૪ તમે પૂરગ્રસ્ત વિસ્તારની લીધેલી મુલાકાતના પ્રસંગ ઉપર સર્જનાત્મક અહેવાલ લેખન કરો. ૧૪

૫ નીચે આપેલા ચાર સવાલમાંથી કોઈ પણ **બે** વિશે ટૂંકનોંધ લખો : ૧૪

(૧) સ્વર સંધિ એટલે શું? તેના નિયમો ઉદાહરણ સહિત સમજાવો.
(૨) જોડણી વિશેના જુદા જુદા નિયમોની ચર્ચા કરો.
(૩) દરેક શબ્દોની સંધિ છોડો : વિદ્યાર્થી, કવીન્દ્ર સૂર્યાસ્ત, નિઃશબ્દ, પરાધીન
(૪) દરેક શબ્દોનો સાચો અર્થ દર્શાવો : આબરૂ અને અટક, દગો અને દંગો, દિન અને દીન

---